# ચૂંટણીમાં ‘પવિત્ર’ મત આપીને ‘પવિત્ર’ ફરજ બજાવીએ

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે. ધીમે ધીમે ચૂંટણીનો માહોલ જામતો જાય છે. લોકસભા કે વિધાનસભાની ચૂંટણી કરતાં આ ચૂંટણી એ રીતે અલગ પડે છે કે, આ ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવાર સ્થાનિક હોય છે, તેને લોકો વધુ નજીકથી ઓળખાતા હોય છે. જેથી આ ચૂંટણીમાં લોકોને રસ વધુ પડે છે, તેની ચર્ચા પણ વધુ થાય છે. ઈજું કારણ એ છે કે આ ચૂંટણી સ્થાનિક પ્રશ્નો, સમસ્યાઓ કે સગવડતાઓને આધારે લડાય છે. જેથી નાગરિકોને આં ચૂંટણી પોતીકી લાગે છે. આમછતાં દુ:ખ સાથે કહેવું પડશે અને દુ:ખ સાથે સૌએ સ્વીકારવું પડશે કે, સ્થાનિક ચૂંટણીમાં પણ મતદાન ૪૦ ટકા આસપાસ જ થાય છે. જે લોકશાહી અને સમાજના હિતમાં નથી.

આ લેકના શીર્ષકમાં મત માટે અને ફરજ બંને માટે ‘પવિત્ર’ શબ્દ વપરાયો છે. ‘મત’ એ પણ પવિત્ર છે અને મત આપતી વખતે નિભાવવામાં આવતી ‘ફરજ’ પણ પવિત્ર છે. પવિત્ર શબ્દ મૂલ્ય સાથે સંકળાયેલ શબ્દ છે. પવિત્ર એટલે શુદ્ધ, પાવન. શુદ્ધ વસ્તુ કે બાબત બીજાથી દૂષિત થાય એના કરતાં બીજાને શુદ્ધ કરવાનો ગુણ વધુ પ્રમાણમાં ધરાવે છે. માટે જ મત અને ફરજ બન્નેને પવિત્ર કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પવિત્ર મત અને પવિત્ર ફરજ દ્વારા આપણે કોઈ ઉમેદવારને ચૂંટીએ છીએ તેની સાથે  રાજકારણને કે સત્તાને કે હોદ્દાને કે ચૂંટણીને આપણે વધુ શુદ્ધ, વધુ પવિત્ર બનાવવાની પ્રક્રિયા કરી રહ્યા છીએ તેમ માનવું જોઈએ. આ પ્રક્રિયા કરવી તે તમામ નાગરિકની ફરજ છે. માટે મતદાતા માટે નવો શબ્દ આપી શકાય – પાવક. જે પવિત્ર કરે, પાવન કરે તેને પાવક કહેવાય. આમ મત આપવાની સામાન્ય લાગતી પ્રક્રિયા કેટલી ઉચ્ચ, શુદ્ધ અને પવિત્ર છે તે વિચારીને આપણે સૌએ મતદાન કરવું જોઈએ.

મત આપનારને મતદાતા કહેવામાં આવે છે. અહી ‘મત’ સાથે ‘દાતા’ શબ્દ જોડાયેલ છે. દાતા એટલે દાન કરનાર. સાથે મત આપવાની પ્રક્રિયા માટે ‘મતદાન’ શબ્દ છે. જેમાં ‘મત’ સાથે ‘દાન’ શબ્દ જોડવામાં આવ્યો છે. દાન કરવું એ પણ એક પવિત્ર બાબત છે. દાન સામાન્ય લોકો કરી શકતા નથી. દાન તો અસામાન્ય લોકો જ કરી શકે છે. દાન કરવા માટે ઉચ્ચ અને પવિત્ર શક્તિ અને વિચાર જોઈએ. આમ પણ માંગનાર કરતાં આપનારનું સ્થાન કે શક્તિ ઊંચા ગણાય છે. તે રીતે જોતાં ચૂંટણીના ઉમેદવાર કરતાં મતદાતા ઊંચા-મોટા ગણાય. તો આ ઊંચાઈ અને મોટાઈ મેળવવા માટે તો મતદાન કરીએ. મતદાન કરનાર એ સામાન્ય વ્યક્તિ નથી, અસામાન્ય વ્યક્તિ છે. આ અસામાન્ય વ્યક્તિઓનું પ્રમાણ ઓછું છે, છતાં તેમના કારણે જ લોકશાહી જીવંત રહી છે. બાકી મોટી મોટી વાતો કરનાર, અન્ય લોકોને સલાહ શિખામણ આપનાર, જાહેરમાં ચૂંટણી અને ઉમેદવાર વિશે ટીકાટીપ્પણી કરનાર મોટાભાગે મત આપવા જતો નથી. આવા સામાન્ય વ્યક્તિ કરતા મત આપનાર અસામાન્ય વ્યક્તિ ઘણો ઊંચો ગણાય. ભલે તે ઝૂંપડીમાં જ કેમ ના રહેતો હોય? મત નહિ આપીને ગલ્લા પર કે ઓફિસમાં લોકો વચ્ચે ઊંચા અવાજે ટીપ્પણી કરનાર વ્યક્તિ કરતાં મત આપીને ટીકા કરનાર કે મૌન રહેનાર સો ઘણો ઊંચો ગણાય. મોંઘી કારમાં ફરનાર, પણ મત નહિ આપનાર કરતાં સાયકલ ખેંચનાર પણ મત આપનાર લોકશાહી માટે, સમાજ માટે વધુ ઊંચો અને વધુ કર્તવ્યનિષ્ઠ છે.  હવે નક્કી આપણે જ કરવાનું છે કે, પવિત્ર મત અને પવિત્ર ફરજને ધ્યાનમાં રાખી શું કરવું જોઈએ? મત આપવા જવું જોઈએ કે ચૂંટણીના દિવસે ઘરમાં ટી.વી. જોવું જોઈએ.

ઘણાં લોકો મતનું દાન કરવા નથી જતાં અને પછી સૂફીયાણી વાતો કરીને પોતાનો લૂલો બચાવ કરવા કહે છે કે, ઉમેદવાર ખરાબ છે, રાજકારણ બગડી ગયું છે, લોકો સેવા કરવા નહિ પણ સત્તા માટે આવે છે, ચૂંટાઈને

આવ્યા પછી કોઈ મોઢું બતાવવા પણ આવતું નથી વગેરે વગેરે. ત્યારે આવા લોકોને કહેવાનું મન થાય કે, તમે જેને ખરાબ ઉમેદવાર કે વ્યક્તિ ગણો છો તેના કારણે તો ચૂંટણી થાય છે અને લડાય છે, તેવા વ્યક્તિઓને કારણે તો લોકશાહી જીવંત છે. તેઓ જ સામાન્ય નાગરિકની ઈચ્છા કે વિચારને ઉપલા સ્તર સુધી પહોંચાડીને ચોક્કસ નિર્ણયો કે કાયદા બનાવડાવે છે. આ રીતે જોતાં લોકશાહી માટે તેમના કાર્યને બિરદાવવું પડે. આમછતાં ચૂંટણીમાં ઊભા રહેનાર ઉમેદવારો જો ખરાબ હોય તો ઓછો ખરાબ હોય એને મત આપો. પણ તમે લોકશાહી ધરાવતા દેશના નાગરિક છો, તો તમે પણ સારા નાગરિક બનો, તમે મત નહિ આપીને ખરાબ નાગરિક શા માટે બનો છો? સાથે જે ફરિયાદ છે કે, ચૂંટાઈને આવ્યા પછી મોઢું પણ બતાવતા નથી, આ વાત સાચી છે પણ ચિંતન કર્યા વિનાનો અભિપ્રાય છે. ચૂંટાઈને આવ્યા પછી તેમણે કામ કરવાના હોય છે, પોતાની ઓફિસમાં બેસીને લોકોને સાંભળવાના હોય છે. જો એ લોકો તમને મોઢું બતાવવા આવશે તો બીજા લોકો તેમને ક્યારે મળી શકશે? છતાં જો તમારે મળવું જ હોય, તમારે તમારું કામ કોઈ કરાવવું જ હોય તો સામા પગલે જાવને મળવા માટે. તેઓ મળવાની  ક્યાં ના પાડે છે? એમને મત મેળવવા તમારી ગરજ હતી તો એ તમારી પાસે આવ્યા, હવે તમારે તમારું કામ કરાવવાની ગરજ છે તો તમે તેમને મળવા જાવ. એમાં આપણે નાના બાપના નથી બની જતાં. ટૂંકમાં મતદાન કરવા નહિ જવા માટેનું એક પણ કારણ યોગ્ય ના ગણી શકાય. દરેક નાગરિકે મતદાન કરવા જવું જ જોઈએ. મત આપ્યા પછી તમારી ફરિયાદો જીતેલા ઉમેદવાર ના સાંભળે તો કોઈપણ જગ્યાએ તમને  બળાપો કાઢવાનો કે ટીકા કરવાનો અધિકાર છે. પણ મત નહિ આપીને કોઈ નબળો ઉમેદવાર ચૂંટાઈ આવે તો તેના વિષે ટીકા કરવાનો અધિકાર તમે ગુમાવી બેઠા છો. મત નહિ આપીને મૌન રહેનાર કરતાં મત આપીને ટીકા કરનાર વધુ મૂલ્યનિષ્ઠ અને ફરજનિષ્ઠ છે.

ક્યારેક કેટલાક લોકો એમ માને  છે કે, આટલા મોટા સમૂહમાં મારા એક મતથી શું ફેર પાડવાનો છે. તો આવા લોકોનું ધ્યાન દોરવાનું થાય કે, ઘણી ચૂંટણીમાં ઘણાં ઉમેદવાર એક મતથી જીત્ય છે કે એક મતથી હાર્યા છે. ભૂતકાળમાં અટલ બિહારી બાજપાઈના નેતૃત્વવાળી સરકાર એક મતથી પડી ભાંગી હતી. આમ એક મત પણ ક્યારેક ઉમેદવાર કે સરકારને ધ્રૂજાવી શકે છે, હટાવી શકે છે કે બેસાડી શકે છે. આ સિવાય પણ આપણો એક મત જીતેલા ઉમેદવારને કામ કરવા માટે વધુ હિંમત અને વધુ પ્રોત્સાહન આપે છે. ઉમેદવારની લીડ જેટલી વધુ હશે તેનામાં એટલો આત્મવિશ્વાસ પણ વધુ હશે. તેને દોડીને કામ કરવાની વધુ ઈચ્છા થશે. તે બમણા વેગથી બમણા કામ કરશે. આ રીતે જોતાં આપણા એક એક મતની અસર ઘણી હોય છે. સ્થાનિક ચૂંટણીઓમાં મતદાન મોટાભાગે પચાસ ટકા આસપાસ થતું હોય છે. તેનો અર્થ એ થયો કે જેટલાં લોકો મતદાન કરે છે એટલા જ લોકો મતદાન નથી કરતા. જે મજબૂત લોકશાહી માટે સારી નિશાની નથી. હા, મત આપવો કે ના આપવો તે તમારો અધિકાર છે. પણ મત નહિ આપીને અધિકાર ભોગવવો એના કરતા મત આપીને અધિકાર ભોગવવો એ ઘણી ઉચ્ચ અને મૂલ્યનિષ્ઠ બાબત છે.  આપણા વિસ્તારમાં સત્તા કોને સોંપવી, આપણા વિસ્તારનું પ્રતિનિધિત્વ કોને સોંપવું તે આપણે નક્કી કરવાનું છે. નક્કી કરેલા આપણા વિચારને સક્રિય કરવાનો એક માત્ર રસ્તો છે અને તે છે મતદાન. માટે સૌ નાગરિકે દરેક ચૂંટણીમાં અવશ્યપણે મતદાન કરવું જોઈએ અને જે નહિ કરવામાં માને છે તેના વિચારો બદલવા જોઈએ. અંતે ચૂંટણીમાં ઊભા રહેલા દરેક ઉમેદવાર મતદાતાને પોતાની ઓળખ માટેનું પેમ્ફલેટ આપીને મત આપવાની વિનંતી કરે છે તેની સાથે આવા લેખની કોપી આપશે તો લોકોને મતદાન કરવા પ્રોત્સાહન મળશે, મતદાનની ટકાવારીમાં વધારો થશે.

અશોકી :. ચૂંટણીના દિવસે જાહેર રજા હોય છે. પણ આ રજા એવા વ્યક્તિને જ આપવી જોઈએ કે જે મતદાન કરવા જાય. બાકી ઘરમાં બેસી રહેવા કે ટી.વી. જોવા કે ફેમિલી સાથે લટાર મારવા માટે જાહેર રજા ના અપાય.